**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૧૯.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૬૨ ટકા

# આજે દિવડાઓની જ્યોતથી નગર ઝળહળશે

## અંધકાર ઉલેચતા પ્રકાશ અને રંગોના આ જાજરમાન પર્વની ઉજવણીને અનુલક્ષી નગરજનોમાં અનોખો ઉત્સાહ : દિવડાઓની હારમાળા સાથે રંગબેરંગી રોશની અને રંગોળીથી નગરની રોનક નિખરશે : રાત્રિના સમયે દિવડાઓનો શણગાર અને આતશબાજીથી નગર તેજોમય બનશે

ગાંધીનગર તા ૨૬
આજે દિવાળી .. હિન્દુ સંસ્કૃતિનો સૌથી મોટો તહેવાર સમાજ જીવનમાં અનોખી ચેતનાનો સંચાર કરતા આ પર્વમાં નગરના સેકટરોમાં દિવડાઓના દિવ્ય પ્રકાશની સાથે રંગબેરંગી રોશની અને રંગોળીનો અનોખા શણગારથી નગર નિખરી ઉઠશે. પ્રકાશ અને રંગના આ પર્વમાં નવા ડ્રેસ કોડથી સજ્જ નગરજનો નવા વિચારોની સાથે નગરજનો એકમેકને હેપ્પી દિવાળીની શુભેચ્છાઓ પાઠવશે. રાત્રિના સમયે નગર ફટાકડાઓના ધમાકાથી ગુંજી ઉઠશે. આતશબાજી સાથે દિવડાઓની દિવ્ય જયોત સાથે નગરનુ વાતાવરણ તેજોમય બનશે.

આજે દિવાળી .. હિન્દુ સંસ્કૃતિના સૌથી મોટા તહેવારના ઓવારણા લેવા નગરજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. દિવડાઓના દિવ્ય પ્રકાશથી જગમગતા દિવાળીના પર્વની ઉજવણીને અનુલક્ષી નગરજનો ઉત્સુક છે. સેકટરોની શેરીઓમાં દિવડાઓનો પ્રકાશ પથરાશે. અંધકાર ઉલેચતા પ્રકાશના આ પર્વથી નગરના જનજીવનમાં પણ અનોખી ચેતના પ્રગટશે. દિવાળીના પર્વમાં દિવડાઓની હારમાળા વચ્ચે રંગબેરંગી રોશનીની જળહળા સાથે નગર તેજોમય બનશે. દિવાળીનુ પર્વ દરમિયાન સુખ, શાંતિ અને સમૃધ્ધિની સહીતની અનેક શુભેચ્છાઓ વરસાવતા સ્નેહીઓ એકમેકને હેપ્પી દિવાળીની શુભકામના સાથે નવા વર્ષને વધાવવા માટે ઉત્સુક બનશે. અનેક પ્રકારની મીઠાઈ અને ભેટસોગાદો આપીને નગરજનો દિવાળી પર્વની શુભ ભાવનાઓ વ્યકત કરશે. દિવાળીના દિવસે આંતશબાજી અને રોશની અને દિવડાઓથી જળહળતા નગરના સેકટરોમાં આનંદ ઉત્સવનો માહોલ જોવા મળશે. દિવાળી નિમિત્તે આજે વેપારીઓ ચોપડા પુજન કરશે. આ માટે શહેરના સુપ્રસિધ્ધ અક્ષરધામ મંદિર અને સે-૧ ના ગાયત્રી મંદિરમાં પણ સામુહિક ચોપડા પુજનનો કાર્યક્રમ યોજાશે. સામુહિક ચોપડા પુજનમાં મોટી સંખ્યામાં વેપારીઓ જોડાશે. સેકટરોમાં સ્થિત ધાર્મિક સ્થાનો પર ભાવિકોની ભીડ જામશે. નગરના પંચદેવ મંદિર, અક્ષરધામ, સે-૨૧ , સે-૨૧ ગોવર્ધનનાથજીની હવેલી, સે-૩ સાંઈ મંદિર સે-૪ ઓમકારેશ્વર મંદિર, સે-૨૮ દત્ત મંદિર , સે-૪ હનુમાન મંદિર સહીતના સ્થળોએ નગરજનો ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવશે. શહેરમાં અક્ષરધામ મંદિર સહીત વિવિધ ધાર્મિક સ્થળો પર રોશની, દિવડાઓ અને રંગોળીનો શણગાર પણ ભાવિકો માટે આકર્ષણનુ કેન્દ્ર બનશે. સાંજ ઢળતા જ રંગબેરંગી રોશનની જગામગા વચ્ચે ફટાકડાના ધમાકાઓથી નગર ગુંજી ઉઠશે. દિવાળીની રાત્રે નગરમાં અનોખી રોનક જોવા મળશે. નગરજનો અવનવા કલરફુલ ડ્રેસીંગ સાથે નવા અને હકારાત્મક વિચારો સાથે દિવાળીની શુભકામનાની આપ લે કરતા નજરે પડશે.



## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**
● હાઉસફુલ ૪
૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦, ૧૨.૧૦, ૧.૧૦, ૨.૧૦, ૩.૨૦, ૪.૨૦, ૬.૩૦, ૭.૩૦, ૯.૪૦, ૧૦.૪૦, ૧૧.૨૦
● મેડ ઈન ચાયના
૧૦.૩૦, ૪.૩૦, ૮.૩૦, ૧૦.૩૦
● સાંડ કી આંખ
૧.૨૦, ૫.૨૦, ૭.૨૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**
● હાઉસફુલ ૪
૮.૩૦, ૯.૦૦, ૧૦.૩૦, ૧૨.૦૦, ૧.૩૦, ૨.૨૦, ૩.૦૫, ૪.૩૫, ૬.૧૦, ૭.૪૦, ૮.૩૦, ૯.૧૫, ૧૦.૪૫
● મેડ ઈન ચાયના
૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૫, ૧૦.૫૫
● સાંડ કી આંખ
૯.૪૦, ૧૨.૪૫, ૭.૨૫, ૧૦.૩૦
● જોકર
૧૧.૩૫

## ચિરવિદાય

● સ્વ. વાઘેલા ભીખાભાઈ કુંવરસિંહ, ઉ.વ. ૬૦

## શહેરીજનો હનુમાનજીના દર્શને ઉમટયા

હનુમાનજીની ઉપાસનાનો દિવસ શનિવાર અને કાળી ચૌદશ બંનેનો વિશેષ સંયોગ આ વર્ષે આવ્યો. જેને લઈને શહેરના મંદિરોમાં ભારે ભીડ જોવા મળી હતી. હનુમાનજી મંદિરમાં સવારથી લઈ રાત સુધી શહેરીજનો હનુમાનજીના દર્શને ઉમટયા હતાં. વિવિધ મંદિરોમાં મહાઆરતી ઉપરાંત



હવન કરવામાં આવ્યા હતા. મહાકાળી માના ઉપાસકો દ્વારા માની ભકિત પૂજા કરવામાં આવી હતી. વર્ષો જૂની પરંપરા મુજબ કાળી ચૌદશના દિવસે ઘરમાં રહી ગયેલા કલેશ, કંકાસ, કકળાટને વડાના રૂપે બહાર કાઢવાનો રિવાજ છે જેને શહેરીજન અનુસર્યા હતા. આ ઉપરાંત શહેરના માતાજીના મંદિર, શનિમંદિર સાથે ખાસ સે-૪, સે-૧૭, સે-૨૩, વાસણિયા મહાદેવ ખાતે આવેલ હનુમાનજીના મંદિરમાં ભાવિકોની ભીડ જોવા મળી હતી. મંદિરોમાં મહાઆરતી કરવા પણ ભકતો ઉમટી પડયા હતા. આ ઉપરાંત અનેક મંદિરોમાં હવનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આમ આ દિવસે ભાવિકોની અખૂટ શ્રધ્ધા જોવા મળી હતી.



ધન્વંતરિ જયંતિ નિમિત્તે સૂર્યોદય સમયે વિ. કેર ફાઉન્ડેશન સંસ્થાના ચેરમેન જે.સી. પટેલ, ટ્રસ્ટીઓ અને સભ્યો દ્વારા પૂજનવિધિ કરી શ્રમજીવી પરિવારોમાં દિવાળી પર્વની ઉજવણી મિઠાઈ વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે સેવાભાવી બિપીનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.



અરબી સમુદ્રના ચક્રવાતી તોફાનની અસર હેઠળ શહેરના વાતાવરણમાં બદલાવ આવ્યો છે. પવનની ગતિ વધતા વૃક્ષોની ડાળીઓ જમીન ઉપર તુટીને પડી હતી.



દિવાળીના તહેવારો નજીક આવતા બજારો ઉભરાઈ રહ્યા છે. સેકટર-૨૯ના મુખ્ય માર્કેટમાં તો પગ મુકવાની જગ્યા ન હતી. રેડીમેડ કપડાંથી લઈને મીઠાઈ અને શુઝની ખરીદી મોટા પાયે થઈ હતી. ગાંધીનગર શહેર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ મોટી સંખ્યામાં લોકો ખરીદી માટે અહીં ઉમટી પડયા હતા.

## શહેરમાં સળંગ આઠ દિવસ સુધી રજાઓનો માહોલ

ગાંધીનગર, તા.૨૬
દિવાળીના તહેવારને પગલે શહેરમાં હવે સળંગ એક સપ્તાહ સુધી રજાનો માહોલ છવાશે. એક તરફ સરકારી કચેરીઓમાં તા. ૩૦મીના રોજ રજા જાહેર કરી દેવાતા તા. ૨૭મી ઓક્ટોબર રવિવારે દિવાળીથી લઈને તા. ૩૧મી ઓક્ટોબરે સરદાર પટેલ જયંતિ સુધી સળંગ રજાઓ રહેશે. આ સાથે બેંકોમાં પણ સળંગ રજાઓના કારણે નાણાંકીય વ્યવહારો પણ ઠપ્પ રહેશે. બીજી તરફ ખાનગી વ્યવસાય વેપાર-ધંધા વગેરેમાં છેલ્લા કેટલાંક વર્ષોથી લાભ પાંચમને બદલે "સાતમે" મુહૂર્ત કરવાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે.

# દિવાળીમાં ગીફ્ટ બોકસ અને ગીફ્ટ હેમ્પરની વધુ માંગ



| મીઠાઈ | ભાવ (રૂ. કિલોના) |
|---|---|
| માવા મીઠાઈ | ૪૬૦ થી ૫૬૦ |
| પેંડા | ૩૨૦ થી ૫૨૦ |
| કાજુની મીઠાઈ | ૮૨૦ થી ૧૦૨૦ |
| પ્યોર ઘી મીઠાઈ | ૪૪૦ થી ૬૦૦ |
| શુગર લેસ | ૫૬૦ થી ૧૧૨૦ |
| ડ્રાયફ્રુટસ સ્વીટ | ૮૦૦ થી ૨૩૦૦ |
| ગીફ્ટ બોક્સ | ૫૦૦ થી ૨૭૦૦ |
| ડ્રાયફ્રુટ ગીફ્ટબોક્સ | ૯૦૦ થી ૧૪૦૦ |





ગાંધીનગર, તા.૨૬
દિવાળીના લીધે શહેરમાં ચહલ પહલ વધી છે. ખાસ એકબીજાને તહેવારની શુભકામના આપવા માટે તથા ઘરે આવનારને મોં મીઠું કરાવવા નીતનવી મીઠાઈની ખરીદી શહેરમાં પુરજોશથી થઈ રહી છે. શહેરના સે-૭, સે-૧૧, સે-૨૨, સે-૨૪માં આવેલ મીઠાઈની દુકાનોમાં ગ્રાહકોની ભારે ભીડ જામી છે. જેમાં સૌથી વધુ કાજુકતરી, માવાની મીઠાઈ સાથે ડ્રાયફ્રુટ વાળી મીઠાઈ ખરીદવા શહેરીજનોની ભીડ જોવા મળી હતી.

જેમાં આ વર્ષે ખજૂર ચોકો, મારબલ, બટર સ્કોચ ટોપર, રોઝબાર જેવી નવીન મીઠાઈ શહેરમાં જોવા મળી રહી છે આ ઉપરાંત શહેરીજનો શુભેચ્છામાં અપાતા ગીફટ હેમ્પરની પણ ખરીદી કરી રહ્યા છે.

શહેરમાં દીવાળીની તૈયારી જોરશોરથી ચાલી રહી છે. શહેરીજનોની ભીડ બજારમાં વિવિધ ચીજવસ્તુ ખરીદવા ઉમટી છે ત્યારે મીઠાઈ બજારમાં તેજી જોવા મળી રહી છે. શહેરીજનો પોતપોતાની ભાવતી મીઠાઈ ખરીદવા માટે તત્પર છે. જયારે સૌથી વધુ કાજુ કતરીની માંગ છે. આ સાથે માવા અને ડ્રાયફ્રુટની મીઠાઈની પણ વધુ માંગ છે.

આ વર્ષે બજારમાં ખજુર, બટરસ્કોચ, અંજીર, મધ, રોઝથી બનતી મીઠાઈ નવી છે. આ સાથે બાઈટસ, ઘુઘરા, ઘારી, ચોકલેટ બોકસ, નાનખટાઈ, ડ્રાયફ્રુટ બિસ્કટ, સોનપાપડી, પેંડા, બકલા જેવી મીઠાઈ પણ બજારમાં વેચાઈ રહી છે.

આ વર્ષે ખાસ ગીફટ હેમ્પર્સની માંગ રહી છે. જેમાં ડ્રાયફ્રુટસ, મીઠાઈ, નાનખટાઈ સાથે નમકીનનો ઉમેરો કરવામાં આવ્યો છે. ગીફટ બોકસ વિવિધ રીતે ડેકોરેટ કરીને તે મુજબના ભાવથી બજારમાં વેચાણમાં છે. કેટબરી સેલીબ્રેશન ફરેરો રોચર સાથે હોમમેડ ચોકલેટ વીથ પ્રોપ્સ બાળકોમાં ફેવરિટ છે.

# પ્રેમકી ગંગા બહાતે ચલો... શ્રમજીવી વિસ્તારમાં પારસમણી દ્વારા દિવાળી



ગાંધીનગર, તા.૨૬
જયોત સે જયોત જગાતે ચલો, પ્રેમ કી ગંગા બહાતે ચલો. દિવાળીના તહેવારમાં સમાજના તકવંચિત વર્ગને લાગણીનો સ્પર્શ મળે એ માટે પારસમણી ફાઉન્ડેશન દ્વારા સેકટર-૧૬ મહાત્મા ગાંધી વિદ્યા મંદિરની પાસે આવેલી શ્રમજીવી વસાહતમાં દિવાળી ઉજવવામાં આવી હતી.

પારસમણી ફાઉન્ડેશનના પ્રમુખ સંજય થોરાત, નિષ્ણાંત વાસ્તુશાસ્ત્ર મનોજ મેઉઆ તેમજ ડૉ. મહીપતસિંહ અને ડૉ. પૌલમી પરમારની દીકરી તરીશી પરમાર, અનન્યા આ કાર્યમાં જોડાયા હતા. બાળકોને વાર્તા અને જીવન ઉપયોગી તેમજ તહેવારની વાત કર્યા બાદ બધાંને દિવાળીની મીઠાઈ અને પેન્સિલનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ વસ્તીમાં મિશન વિદ્યાના મિત્રો સાથે મળી પારસમણી ફાઉન્ડેશન આ બાળકોના અભ્યાસની ચિંતા કરી એમને વિદ્યાદાન કરે છે.

## બ્રહ્માકુમારીઝ, ગાંધીનગર સંચાલિકા આદરણીય કૈલાશ દીદીજીનો દિવાળી નિમિત્તે શુભ સંદેશ

ગાંધીનગર, તા.૨૬
સર્વ આત્માઓના પરમપિતા શિવ પરમાત્માના અતિ પ્યારા, દુલારા, લાડલા મારા સૌ ભાઈ બહેનોને પ્રકાશના તહેવાર દિવાળીની શુભ વધાઈ હો. હમણાં જ નવરાત્રિમાં આપણે સૌએ પરમતત્વની આરાધના થકી અષ્ટશક્તિ ધારણ કરેલ અને વિજયા દશમી- દશેરા પર આપણામાં રહેલ રાવણનો નાશ- દહન કરી અવગુણ, દુરાચાર,



ભ્રષ્ટાચાર, નકારાત્મકતાને તિલાંજલી આપેલ. ફલસ્વરૂપ આપણે સૌએ નવયુગ-સતયુગ તરફ પ્રયાણ કરેલ છે. જેની સ્થૂળ યાદગાર રૂપે ઘર-ઘરમાં સફાઈ કરી પ્રકાશનો તહેવાર દિવાળી મનાવીએ છીએ. નવા વર્ષે નવા ઉમંગ, ઉત્સાહ, આનંદ અને જોશ સાથે સૌની સાથે મિલન મનાવીએ છીએ અને ભાઈ બીજના દિવસે ભાઈ બહેનના પવિત્ર સંબંધની યાદને તાજી કરીએ છીએ. પરમપિતા શિવ પરમાત્મા પણ આપનાં સૌના માટે ભારતની પાવન ભૂમી પર જ સંપૂર્ણ સુખ, શાંતિ, સ્વાસ્થ્ય અને દિર્ઘાયુ યુક્ત નવી સતયુગી સ્વર્ણિમ દુનિયાની પુનઃ સ્થાપના કરી રહ્યા છે ત્યારે ચાલો આ દિવાળી પર આપણે એક બીજા સાથે આત્મા- આત્મા ભાઈ ભાઈના નાતે ભાઈચારા, સહકાર, સહયોગ, કલ્યાણની ભાવના અપનાવી વશુધૈવ કુટુંકમ ને ચરિતાર્થ કરીએ. સૌને સુખ આપીએ અને સુખ પ્રાપ્ત કરીએ. દિવાળીનો આ તહેવાર આપને તથા આપના પરિવારને સુખ, શાંતિ, આનંદ, પ્રેમ, પવિત્રતા, જ્ઞાન થી ભરપૂર કરે એવી શુભ ભાવના અને શુભ કામના સહ આશીર્વાદ છે.

## દિપાવલી અને નૂતન વર્ષના પાવન પર્વે રાજયના નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવતા રાજયપાલશ્રી

ગાંધીનગર, તા.૨૬
ગુજરાતના રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતે પ્રકાશપર્વ દીપાવલી અને નૂતન વર્ષના પાવન અવસરે રાજયના તમામ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

તેમણે શુભકામના સંદેશમાં જણાવ્યું છે કે દીપાવલી પર્વ સુખ શાંતિ અને સમૃધ્ધિ લાવનાર અગ્રદૂત બની રહેશે.

રાજયપાલશ્રીએ કામના કરી છે કે નવલા વર્ષનો શુભારંભ સમાજમાં પ્રેમ, શાંતિ, પરસ્પર સંવાદિતાને વધુ મજબુત બનાવશે તેમજ રાષ્ટ્ર અને રાજયને ઉન્નતિના નવા શિખરો સર કરવા તરફ દોરી જશે.



સેકટર-૧૬ મહાત્મા ગાંધી વિદ્યા મંદિરના ગેટની પાસે દુષિત પાણી જમા થાય છે. જેના કારણે રોગચાળો ફેલાય તેવી પુરેપુરી સંભાવના છે.